# વિવેક ચૂકે

સૂરજનો માર્ગ રોકી વાદળ વિવેક ચૂકે
એનાથી બળ લઈને ઝાકળ વિવેક ચૂકે

તકદીરમાં લખ્યું છે ચૂકી જવાનું સઘળું
એમાં નવાઈ શું જો નિર્બળ વિવેક ચૂકે

એનામાં આયનાનો ગુણ આવશે કદી તો
ખોટું કશું લખો ને કાગળ વિવેક ચૂકે

વાતોમાં ડાળીઓની આવે છે ફૂલદાની
એવું બને કે કોઈ કુંપળ વિવેક ચૂકે

અંજામ એને ખુદનો સ્વીકાર હોય છે પણ
ગફલતથી તોડવામાં શ્રીફળ વિવેક ચૂકે

હિંમત વગર ઊભો છે ડૂબી જવા કિનારે
કરતો રહે પ્રતીક્ષા કે જળ વિવેક ચૂકે

દાબીને બે'ક તણખા મુઠ્ઠીમાં રાખવાના
ક્યારેક બે ટકાની ઝળહળ વિવેક ચૂકે

# વિવેક ચૂકે

તમારી આ જ આદતથી થયો માહોલ ભારે છે
હવે તો ના વિચારો, સામેવાળો શું વિચારે છે

કલાત્મક રીતથી લાવે અજાણ્યા હાવભાવોને
અમુક તકલીફ આવી આપણો ચહેરો નિખારે છે

ભલા કેવા દરજ્જાના જુગારી એમને કહેવા
કદી પણ ના રમીને એમનું સર્વસ્વ હારે છે

ખુશીની સાથમાં થોડી ઘણી તો થાય ગભરામણ
રહી જો મૌન કોઈ આંગળીથી આવકારે છે

પ્રથમ તો એ ધકેલે છે ભલા શું કામ કોઈને
પછી પાછળથી આવી મોતના મોંથી ઉગારે છે

બને કે ભાર લાગે એકને, હળવાશ બીજાને
મુગટ માથા ઉપરથી બે જણા નીચે ઉતારે છે

હશે એવું તો શું કે છે ફક્ત સામેની બાજુએ
પ્રતીક્ષા પાર ઊતરવાની તો બંને કિનારે છે

ઘણાએ પડતું મૂકેલું છે આવી રીતે તાકીને
હતાશાથી નિહાળી ક્યાં નદીનું દુઃખ વધારે છે!

જગત વરસો પછી માથે મૂકી ફરશે જે ગઝલોને
બિચારી આજ તો એકાંતમાં માખીઓ મારે છે

વિવેક ચૂકે

પ્રેમ જે તારી ઉપર છે, એ હવે વધતો નથી
આમ પાછી છે મજાની વાત કે પતતો નથી!

વારસામાં ઘર કે ધંધો ના મળે, દેવું મળે
એ ભલે દુઃખમાં મરી ના જાય, પણ બચતો નથી!

છાવર્યા છે કૈંકનાં અભિમાન આવું બોલીને
‘એ જરા મિતભાષી છે તો કોઈમાં ભળતો નથી’

એને આજુબાજુની ચીજોમાં પણ રસ હોય છે
આયનો કૈં એકલા ચહેરા ઉપર નભતો નથી

ડર સજાનો ના થવા દે ક્યાંય જંગલ-રાજ, પણ
કોઈ સુધરી જાય એવો કાયદો બનતો નથી!

જે તને દેખાય છે એ ચંદ્રની બસ પીઠ છે
એ કદી ધરતી તરફ મોઢું ય ફેરવતો નથી

આંખની અંદરની કોઈ કોટડીમાં કેદ છું!
એની આંખોમાં રહું પણ આંખમાં ફરતો નથી

વિવેક ચૂકે

દરકાર ક્યાં કરી છે કદી સળવળાટની
નક્કી છે પાયમાલી હવે રાજપાટની

બસ બાળપણને જાણ છે ઘરના વણાટની
કારીગરોની વચ્ચે રહેલા ઉચાટની

આખ્ખું કબાટ નાખી મેં દીધું તળાવમાં
ફેંકી પ્રથમ તો એમણે ચાવી કબાટની

પાણી બધાનાં પીધાં નથીનો મલાલ શું!
જોઈ તો લીધી છે ને તરસ ઘાટઘાટની

સચ્ચાઈ જાનલેવા નીકળવાની કોઈની
ના કર ઊલટતપાસ બધા થનગનાટની

સંપૂર્ણ અંગ સાફ તો તારું ય ક્યાં મળે?
સમજાય તો સમજજે સમસ્યા વિરાટની

જુસ્સો રહ્યો સહ્યોય પછી આળસી જતો
આવે છે સુસ્ત એટલી પળ ઉશ્કેરાટની

મોજાં, ખલાસી, નાવની નોખી છે બોલીઓ
કહેશે કિનારા સૌને કથાઓ થપાટની

આંસુ અમારાં અવગણીને શું કરી લીધું?
તેં સાઇકોલૉજી ભણીને શું કરી લીધું?

લોકો તને ધુમ્મસ સમજતા થઈ ગયા હવે!
ખુદને ધુમાડાથી ચણીને શું કરી લીધું?

વરસ્યાં સ્મરણનાં વાદળો, તો એ ગયાં હવાઈ
એકાંતના પાપડ વણીને શું કરી લીધું?

પગ તો કપાયેલા હતા! બેસી ગયો અવાજ!
બસ આમ નાહક હણહણીને શું કરી લીધું?

ના દુઃખ મટ્યું એનું ને નખ ખરડાઈ સૌ ગયા
દીવાલનો બરડો ખણીને શું કરી લીધું?

ચહેરા વિના દુનિયા મચક આપે ન કોઈને
સમજણના કેવળ ધડ જણીને શું કરી લીધું?

બાકીની રાતોને તું વિતાવીશ કઈ રીતે?
એક રાતમાં તારા ગણીને શું કરી લીધું?

વિવેક ચૂકે

પડી છે ક્યાંક વપરાયા વિનાની
શિખામણ કૈંક સમજાયા વિનાની

હવામાં ઝૂલતા આપ્યા વિષય તો
અમે વાતો કરી પાયા વિનાની

સહજ અંજાઈ છે આંખો અમુકની
નિહાળી આંખ અંજાયા વિનાની

નવાઈથી મગજ ચસ્કી ગયું છે
કળી દેખીને કરમાયા વિનાની

હશે ત્યાં સો ટકા સાક્ષાત્ ઈશ્વર
મળે જ્યાં જિંદગી કાયા વિનાની

કળામાં મોરની વનનો વિરહ છે
જુએ છે ઢેલ હરખાયા વિનાની

થવું પડશે મહત્તા પામવા ગુમ
છું ચાવી કોઈ ખોવાયા વિનાની

કવિ નાખુશ છે પણ એ તો છે રાજી
કવિતાઓ બધી ગાયા વિનાની